## વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ



નીરૂબેન રસિકલાલ
(૧૯૪૯) મો. ૯૯૯૮૭૧૬૫૧૦



ભદ્રાબેન શશીકાન્ત શાહ
(૧૯૫૨) ફોન : ૨૩૨ ૨૬૦૨૩



મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ લંડન ઓલિમ્પીક-૨૦૧૨માં શૂટીંગની સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ જીતીને આવેલા ભારતના શ્રી ગગન નારંગને આજે હાર્દિક અભિનંદન આપ્યા હતા. આજે સ્પોર્ટસ-ડે તથા અગાઉના વર્ષોમાં ઓલિમ્પીકસમાં હોકીની રમતમાં ગોલ્ડ મેડલ મેળવીને ભારતનું નામ રોશન કરનાર ધ્યાનચંદજીના જન્મ દિવસ અવસરે આ મૂલાકાત વિશેષ સ્મૃતિરૂપ બની રહી હતી.

# નરોડા પાટિયા : કાનુની પાસાં ચકાસ્યા બાદ જ નિર્ણય થશે

### નરોડા પાટિયાનાં ચુકાદા બાદ કોંગ્રેસ આ મામલાને રાજ્ય સરકારની સાથે જોડીને રાજકીય રંગ આપે છે : પ્રવક્તા

ગાંધીનગર, તા.૨૯

પ્રવક્તા મંત્રીએ કહ્યું છે કે આ સાથે એ પણ સ્પષ્ટ થવું જોઈએ કે ડો. માયાબેન કોડનાની નરોડા વિસ્તારના ધારાસભ્ય હોવાના કારણે કોંગ્રેસ માત્ર આ સમગ્ર મામલાને રાજ્ય સરકાર સાથે જોડીને રાજકીય રંગ આપે છે તે પણ ઉચિત નથી. આ સમગ્ર ઘટના બની ત્યારે ડો. માયાબેન કોડનાની રાજ્ય સરકારના મંત્રી મંડળના સભ્ય ન હતા અને એ રીતે આ ચૂકાદાને પૂર્વ મંત્રી હોવાનું જણાવી રાજ્ય સરકાર સાથે જોડી સમગ્ર પ્રકરણને જુદી દિશા આપવાનો કોંગ્રેસનો પ્રયાસ માત્ર અને માત્ર રાજકીય હેતુ પ્રેરિત છે.

કોંગ્રેસ એ ભૂલી જાય છે કે તેમના જ એક પૂર્વ મંત્રી રાષ્ટ્ર અને માનવતા દ્રોહ જેવા ગંભીર અને જઘન્ય અપરાધ બદલ દોષી પુરવાર થયા હતા અને આ પ્રકરણે જેમને દોષી ગણાવ્યા છે. તે મહંમદ સુરતી જેલની સજા ભોગવી રહ્યા છે. કોંગ્રેસ શાસિત અન્ય રાજ્યમાં પણ આ પ્રકારની ઘટનાઓ બની છે અને જવાબદાર હોવાનો આક્ષેપ હોય તેવા મંત્રી લાંબા સમય સુધી ફરાર થઈ ગયેલાના દાખલા પણ નોંધાયા છે. અને તેમને સજા પણ થઈ છે.

આ ઈતિહાસ જો કોંગ્રેસ યાદ કરે તો એણે રાજ્ય સરકાર પર દોષનો ટોપલો ઢોળવાનો ખોટો પ્રયાસ કરી રહ્યા છે તેવું જ્ઞાન થશે અને સમગ્ર વાતને રાજ્ય સરકારને સાંકળીને જે મુદ્દાઓ ઉપસ્થિત કર્યા છે તે હકીકતોથી સાવ વેગળા છે, તેમ મંત્રીએ કહ્યું હતું. રાજ્ય સરકાર આ સમગ્ર ચુકાદાનો અભ્યાસ કરશે અને ત્યાર બાદ આગળની જે કોઈ કાર્યવાહી કરવાની થશે તે અંગે કરશે.

# આસારામ બાપુનું હેલિકોપ્ટર ગોધરા પાસે દુર્ઘટનાગ્રસ્ત થયું

### આસારામ સહિત પાંચનો આબાદ બચાવ થયો : દુર્ઘટનામાં આસારામને સામાન્ય ઈજા થઈ : ઉંડી તપાસ

અમદાવાદ, તા.૨૯

ગોધરા ખાતે શિબિરમાં હાજરી આપવા જઈ રહેલા આસારામનું હેલીકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. દુર્ઘટનામાં આસારામને સામાન્ય ઈજાઓ થઈ હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. ઘટનાની વિગતવાર માહિતી એવી છે કે ગોધરામાં આજે આસારામનું હેલિકોપ્ટર ક્રેશ થઈ ગયું હતું. જેમાં તેમનો આબાદ બચાવ થયો હતો. તેઓ એક શિબિરમાં હાજરી આપવા માટે ગોધરા ગયા હતા. જ્યાં હેલિકોપ્ટર લેન્ડિંગ સમયે ક્રેશ થઈ ગયું હતું. આ દુર્ઘટનામાં આસારામ સહિત પાંચ લોકો સુરક્ષિત છે. તેમને સામાન્ય ઈજા પહોંચી હતી. હાલ તેઓ ગોધરા ખાતેના આશ્રમમાં છે.

લેન્ડિંગ સમયે ૩૦ ફૂટની ઊંચાઈએ પાયલોટે હેલિકોપ્ટર પરનું નિયંત્રણ ખોઈ દીધું હતું. અને તે હેલિકોપ્ટરને હેલિપેડ પર યોગ્ય રીતે ઉતારી નહોતો શક્યો. આખરે કયા કારણોસર પાયલોટ યોગ્ય રીતે હેલિકોપ્ટરનું લેન્ડિંગ નહોતો કરાવી શક્યો. તે અંગે તપાસ ચાલુ કરી દેવાઈ છે. હાલમાં તમામ લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢીને ગોધરા આશ્રમ ખાતે ખસેડાયા છે. હેલિકોપ્ટરમાં આસારામ સહિત પાંચ લોકો બેઠેલા હતા. તમામને સામાન્ય ઈજા પહોંચી છે. ગોધરા સાયન્સ કોલેજ ગ્રાઉન્ડ ખાતે ૨૯ થી ૩૧ ઓગસ્ટ સુધી આસારામ પુનમ સત્સંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે જે કાર્યક્રમ યથાવત રખાયો હોવાનું જાણવા મળ્યું છે.

## શબ્દાવલી - ૪૮૩૦

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | ૫ | |
| | ■ | ૬ | | ૭ | | | ■ |
| | ■ | ૮ | | | ■ | ■ | ૯ |
| ૧૦ | ૧૧ | ■ | ■ | ૧૨ | ૧૩ | | |
| ■ | ૧૪ | ૧૫ | ૧૬ | ■ | | ■ | |
| ■ | ૧૭ | | | ■ | ૧૮ | ૧૯ | |
| ૨૦ | | | ■ | ૨૧ | | | ■ |
| ૨૨ | | | ■ | ૨૩ | | ■ | ■ |

**આડી ચાવી**
૧. પાટલી, આડણી (૪)
૪. ઘરના બારસાખે બાંધવામાં આવતાં કાગળ-પાનનો હાર (૩)
૬. લાજ-મર્યાદા (૫)
૮. પારિતોષિક (૩)
૧૦. ઉપયોગનું અંગ્રેજી (૨)
૧૨. રામકથાનું ભવાઈ જેવું નાટક (૪)
૧૪. મોટાઈ, પ્રૌઢતા (૩)
૧૭. મહાણ, સ્મશાન (૩)
૧૮. ઈન્ડિયા (૩)
૨૦. ઈશ્વરી સંદેશો (૩)
૨૧. દેવું (૩)
૨૨. મરચાં વગેરેને ખાંડીને... બનાવાય (૩)
૨૩. વિચાર (૨)

**ઊભી ચાવી**
૧. સાવકું (૪)
૨. કપડાં સીવવાનું કામ (૩)
૩. ગોઠવણ, વ્યવસ્થા (૩)
૪. સોના ચાંદીના વજનનું માપ (૨)
૫. સતો.... તમો ગુણ (૨)
૭. ચોખાની ધાણીના દાણા (૩)
૯. વિદેશ-પરદેશ (૪)
૧૧. રોશની, ઝળહળાટ (૫)
૧૩. મોટું યુધ્ધ (૫)
૧૫. એક છોડ જે અડવાથી કરમાઈ જાય (૪)
૧૬. માટલા જેવું એક વાદ્ય (૨)
૧૯. રજોટી (૨)
૨૦. તપંગની દોરીઓનો કટાવ (૨)
૨૧. 'અહીં આવ' નું અંગ્રેજી (૨)

**શબ્દાવલી ૪૮૨૯ના જવાબ**

**આડી ચાવી :-** (૧) મજહબ (૫) નાચિજ (૮) ફરિયાદ (૯) જરાક (૧૦) તનમનીયું (૧૧) રત (૧૪) બસ (૧૬) રોપા (૧૭) રાફડો (૧૮) વડા (૧૯) ઘોરખોદીયું (૨૧) ટસર (૨૩) ડલ

**ઊભી ચાવી :-** (૧) મફલર (૨) જરી (૩) હયાત (૪) બદનશીબ (૫) નાજનીન (૬) ચિરાયુ (૭) જક (૧૨) તરફડાટ (૧૩) ચોપાનીયું (૧૫) સફર (૧૭) રાવ (૧૯) ઘોર (૨૦) ખોડ (૨૧) દીલ

### મામલો ગુંચવણમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અંતે મામલો સૂલજ્યો હતો. જ્યારે હવે સે. ૫-ડીમાં નવી પાણીની ટાંકીને લઈને પણ વીજ સપ્લાયનો મામલો ફરી એકવાર ગુંચવણમાં પડ્યો છે તંત્ર દ્વારા ટાંકીને અનુલક્ષી ૧ હજાર કીલો વોટ પાવર આપવા દરખાસ્ત કરાઈ છે. આ માટે અંદાજિત રૂ. ૯૨ લાખની રકમનો ચેક પણ સુપ્રત કરવામાં આવ્યો હતો. પરંતુ ટોરેન્ટ પાવર કંપની કક્ષાએથી આ મામલે જ્યારે ૬૬ કે.વી. માંથી ૧૩૨ કે.વી. સંદર્ભે સરકાર કક્ષાએથી મંજુરી મળ્યા બાદ જ સપ્લાય અપાશે તેવો પ્રતિભાવ સાંપડ્યો હોવાનું પણ સૂત્રોએ જણાવ્યું છે. આવા સંજોગોમાં પાણીનો પ્રશ્ન ઉકેલવા ઉધામા નાંખતા તંત્ર માટે ફરી શિરદર્દ ઉભો થયો છે.

### પ્રતિક ઉપવાસ કરશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રજુઆત કરી જ હતી હવે તેમાં પાછા વળવાની વાત નથી. સરકાર સમક્ષ અમે રૂ. ૨૦૦ કરોડની ખાસ સહાય આપવા માંગણી કરી ત્યારે અમે કહ્યુ હતુ કે અમે પાંચ વર્ષ સુધી વેરા નહિ લાદીએ. સરકારે સહાય પણ આપી નથી અને આવકના સાધન તરીકે અમે મિલ્કતવેરાની દરખાસ્ત કરી તેને મંજૂરી આપી છે એટલે અમે તેની વસુલી શરૂ પણ કરી દીધી છે. શ્રી રાણાએ જણાવ્યુ હતુ કે ગાંધીનગર શહેરને પુરતા ફોર્સથી પાણી નથી અપાતુ, પાણી ડહોળુ આવે છે, શહેરના અનેક પ્રશ્નો છે પણ આ સાંભળવા માટેનું તંત્ર સરકારી વિભાગોમાં નથી એટલે અમે ઉપવાસનો માર્ગ પસંદ કર્યો છે અને ઉપવાસ પર બેસવાના છીએ.

### ગુમરાહ કરવાનું નાટક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ કાઉન્સીરોએ જણાવ્યું હતું કે જર્નુમમાં ગાંધીનગરનો સમાવેશ કરાશે તેવી વાતો ચૂંટણી ટાણે કરી પણ હજુ સુધી કંઈ કોર્પોરેશનને મળ્યું નથી.

આ કાઉન્સીલરોએ જણાવ્યુ હતુ કે કેન્દ્રમાંથી અર્બન હેલ્થ પ્રોજેક્ટ અંતર્ગત આવેલા ૬૮ લાખ રૂ.માંથી ફૂદિયુ પણ આ સત્તાધીશો વાપરી શક્યા નથી અને પ્રજા પાસેથી માત્ર પૈસા ઉઘરાવવા સિવાય કંઈ કરતા નથી. આ કાઉન્સિલરોએ આવેદન-પત્રમાં આર્થિક સ્થિતિનો ઉલ્લેખ કરી જણાવ્યુ છે કે ૧૫ કરોડ ઓક્ટ્રોય પેટે અને ૧૦ કરોડ સફાઈ પ્રોજેક્ટ માટે સરકારે આપ્યા છે. આમાંથી પણ કશુ કર્યુ નથી. ટેક્ષ હોલીડેની વાત કરી પુનઃ પ્રજાને છેતરવાનો પ્રયાસ આ કોંગી શાસકો કરી રહ્યા છે. સરકાર સત્તા આપે છે તે સંભાળવામાં આનાકાની કરી મોં છુપાવે છે અને જે સફાઈની કામગીરી છે તે પણ પુરી સંભાળી શકતા નથી. આ આવેદન-પત્ર પર ભાજપના કાઉન્સીલરો શ્રી મનુભાઈ પટેલ, શ્રી સુરેશ મહેતા, શ્રી કાર્તિક પટેલ, શ્રી આશિષ દવે, શ્રી પ્રકાશ પટેલ, શ્રી સંદીપ જ્યોતિકર, શ્રીમતિ પ્રવિણાબેન દરજી, સુશ્રી દર્શનાબેન, શ્રીમતિ પરાગી પંડ્યા, શ્રીમતિ જાગૃતિબેન પુરોહિત, શ્રીમતિ રમીલાબેન પરમાર, શ્રી શંકરભાઈ ચૌધરી, શ્રી રાકેશ પટેલ અને શ્રી દેવેન્દ્રસિંહ ચાવડાએ સહિઓ કરી છે. આ આવેદન-પત્ર આપવા ભાજપના કાઉન્સીલરો હાય રે હાય કોંગ્રેસ હાય...હાયના સૂત્રોચ્ચાર સાથે સરઘસાકારે કોર્પોરેશન આવ્યા હતા અને મ્યુનિ. કમિશનરશ્રી કોઠારીને આવેદન-પત્ર આપ્યું હતું.

### સંબંધ સજાવે જિંદગી ● બીજા પાનાનું અનુસંધાન

આવેલા કાગળ પર કૂતરાએ વિષ્ટા કરેલી ત્યાં લખાણ હતું કે, કલમ, તલવાર અને કટારમાં કલમ વધુ ધારદાર હોય છે એ બંધ ઓરડામાં બેસીનેય વિશ્વખ્યાતિ અપાવે છે.. પત્યું ગુજરાતી ભાષાના છંદ- પ્રાસ- વ્યાકરણના અભ્યાસની સાથે જ ગઝલ, ગીત, શાયરી, હાઈકુ લખવાનાં ચાલુ કર્યા, યંગ જનરેશનને ધ્યાને લઈ લખાતું આ સાહિત્ય વાંચ્યા બાદ જરાય એમ ના લાગે કે આ નવા સવા કવિ છે!! રસોઈ અને પશુપાલન બાદ બચતાં સમયનો સદ્ઉપયોગ એમણે લેખન કાર્ય તરફ વાળી દીધો છે...

ગોપાલભાઈના ધર્મપત્નિ રમીલાબેન એમનાં પ્રથમ સંતાન દિકરી સાથે આવીને આમનું ઘર માંડેલું.. ખેતરમાં પાણી વળાવવાથી લઈ ગુલાબ વિણાવવા અને જરૂરી એવી દરેક મજૂરીમાં મધર ઈન્ડિયા બનીને મદદે આવ્યા છે, આજે તો ગોપાલભાઈ નાના બની ચૂક્યા છે.. વનસ્પતિના જાણકાર હર્બલ દવાઓ બનાવવામાં પણ નિષ્ણાંત છે, એમની બનાવેલ હર્બલ દવાઓ વજુભાઈ અને સી.એમ. સાહેબ પણ ઉપયોગમાં લે છે... વનસ્પતિ ઔષધનું વર્ણન કવિતા દ્વારા કરવાની ઈચ્છા ધરાવતાં ગોપાલભાઈ આયુર્વેદ ગ્રંથ બનાવવા કટિબધ્ધ છે.. એક સામાન્ય વ્યક્તિ અથાક પરિશ્રમ દ્વારા શું કરી શકે એ ગોપાલભાઈની આપવીતીમાંથી જાણી શકાય છે... અવનવી રસોઈને પ્રેમથી બનાવી પીરસીને માલિકનું વાત્સલ્ય મેળવતાં ગોપાલભાઈને ગર્વ છે કે વજુભાઈ વાળા જેવાં માલિક મળ્યા છે જે એમનાં જેવા સામાન્ય માણસને એમનાં પરિવારનો સભ્ય બનાવી સન્માન બક્ષે છે... આવાં અનન્ય સંબંધોથી જ તો સમાજ સમૃદ્ધ છે!!

## કલોલમાંથી એક વૃધ્ધ અને યુવાન લાપતા

કલોલ, તા.૨૯

કલોલ શહેરના પુરીવાસ, મટવા કુવા વિસ્તારમાં રહેતા ૮૫ વર્ષીય વૃધ્ધ ઈબ્રાહીમભાઈ જમુભાઈ મલેક પોતાના ઘરેથી ગઈ કાલે કોઈને કાંઈ કહ્યા વિના ચાલ્યા ગયા હતાં. રાતભર પરિવારજનોએ શોધખોળ કર્યા બાદ પણ કયાંયથી તેમના સગડ મળ્યા ન હતાં. તેમના દિકરાએ પોલીસને જાણવા જોગ અરજી આપતા કલોલ શહેર પોલીસે વૃધ્ધની શોધખોળ આરંભી છે તો બીજી તરફ કલોલ તાલુકાના સઈજ રેલવે સ્ટેશન વિસ્તારમાં રહેતો ૨૧ વર્ષીય યુવાન સંજય જેસંગજી ઠાકોર એક સપ્તાહ અગાઉ ઘરેથી માસીના ઘરે અમદાવાદ જવાનું કહીને નીકળ્યો હતો તેનો પણ ઘણી શોધખોળ બાદ પત્તો લાગ્યો નથી. કલોલ તાલુકા પોલીસે તેના પરિવારજનોની જાણવા જોગ અરજીને આધારે ગુમ યુવકની તપાસ આરંભી છે.

## બોરીસણા રોડ પર બ્લીચીંગ પી લઈ પરિણીતાનો આપઘાતનો પ્રયાસ

કલોલ, તા.૨૯

કલોલ તાલુકાના બોરીસણા ગામમાં રહેતી ૩૩ વર્ષીય પરિણીતા અનિતાબેન ભરતજી ઠાકોર ગઈ કાલે સવારના સુમારે બોરીસણા રોડ પર આવી અને કોઈ અગમ્ય કારણોસર બ્લીચીંગ ગટગટાવી લઈ આપઘાતનો પ્રયાસ કરતાં ચકચાર મચી જવા પામી છે. આ બનાવ બાદ ગંભીર હાલતમાં પરિણીતાને તાત્કાલિક સારવાર અર્થે કલોલ સિવિલ હોસ્પિટલ લાવી દાખલ કરવામાં આવી હતી. કલોલ તાલુકા પોલીસે જાણવા જોગ અરજી લઈ જમાદાર ભુરજીભાઈએ તપાસ શરુ કરી છે. પ્રાથમિક તપાસમાં પત્નીને નોકરી કરવાની પતિએ ના પાડી દેતા લાગી આવતા આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું પોલીસને જાણવા મળ્યું છે. જો કે પોલીસે સચોટ કારણ બહાર લાવવા સઘન તપાસ શરુ કરી દીધી છે.

## કપિલેશ્વર મહાદેવના મેળામાં ગૂમ થયેલી યુવતીના ૧૨ દિવસ બાદ પણ કોઈ સગડ મળ્યા નથી

કલોલ, તા. ૨૯

કલોલ શહેરની રહેવાસી ૨૩ વર્ષીય ડિમ્પલ રસીકલાલ પટેલ, જે ગત ૧૭મી ઓગષ્ટનાં દિવસે યોજાયેલ કપિલેશ્વર મહાદેવનાં મેળામાં માતા-પિતા સાથે ફરવા ગઈ હતી ત્યારે મેળામાં પહોંચ્યા બાદ માત્ર ૨૦ મિનિટમાં જ ગુમ થઈ જતા પરિવારજનો ચિંતાતુર થઈ ગયા છે.

ડિમ્પલનાં માતા-પિતાએ તેની સખીઓ અને સગા-વહાલાંઓને ત્યાં પૂછપરછ કરી પરંતુ ભારે શોધખોળ બાદ પણ પોતાની દીકરીનો કોઈ જ પત્તો ન મળતાં તેઓએ કલોલ પોલીસ સ્ટેશનમાં ડિમ્પલનાં ગુમ થયાની જાણવા જોગ નોંધાવી હતી. જે અંતર્ગત પોલીસે ડિમ્પલની શોધખોળ હાથ ધરી છે. પરંતુ બાર દિવસથી ગુમ થયેલી ડિમ્પલનો હજુ સુધી કોઈ જ અતોપતો ન મળતાં પોલીસે વધુ પ્રયત્નો હાથ ધરી ડિમ્પલને શોધવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

### કોરીડોરનો પ્રોડેક્ટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સરળ બને તેવા આશયથી રોડનેટવર્કને હાઈટેક બનાવવા કોબા હાંસોલ એક્સપ્રેસ વે બનાવવાની કાર્યયોજના હાથ ધરવા છેલ્લા ઘણા સમયથી ગતિવિધિઓ આરંભી દેવાઈ છે. પરંતુ લાંબા સમયના અંતે પણ આ પ્રોજેક્ટ સંદર્ભે આખરી આયોજન થઈ શક્યું નથી. તંત્ર દ્વારા આ મામલે સર્વે હાથ ધરવા ખાનગી એજન્સીને જવાબદારી સોંપવામાં આવી હતી જ્યારે એજન્સી દ્વારા પણ રીપોર્ટ તૈયાર કરી વિભાગને સુપ્રત કરી દેવાયો છે. આ કોરીડોરને અનુલક્ષી પ્રાથમિક આયોજન મુજબ બે તબક્કામાં કામ હાથ ધરવામાં આવનાર છે. જેમાં પ્રથમ તબક્કામાં કોબા-હાંસોલના સીક્સલેન માર્ગ આસપાસના સર્વિસ રોડને ફોરલેન બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેની પાછળ રૂ. ૮૨ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. બીજા તબક્કામાં એક્સપ્રેસ વે ના રૂટમાં આવતા ક્રોસિંગને નિવારવા પાંચ જેટલા ઓવરબ્રિજનું નિર્માણ કરાશે જ્યારે માર્ગની બન્ને બાજુ ફેન્સીંગનું પણ કામ હાથ ધરવામાં આવનાર છે. આ સમગ્ર પ્રોજેક્ટ પાછળ અંદાજિત રૂ. ૨૫૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. મેટ્રોરેલના આયોજનને લીધે કોરીડોરની કાર્યયોજના હજુ આખરી થઈ નથી. અલબત્ત વિભાગકક્ષાએથી દરખાસ્ત સંદર્ભે કોઈ નિર્ણય લેવાયો નથી. વિભાગના અંતરંગ સૂત્રોના જણાવ્યા મુજબ મેટ્રોરેલની પથરેખા આખરી થયા બાદ કોરીડોરના પ્રોજેક્ટ અંગે ગતિવિધિઓ હાથ ધરાશે.

## પંખાના હુકે દુપટ્ટો બાંધી બોરીસણાના વૃદ્ધે ગળાફાંસે ખાઈ લેતા ચકચાર

### દીકરીના લગ્નજીવનમાં પડેલી તિરાડથી કંટાળી પગલુ ભર્યુ હોવાની આશંકા

કલોલ, તા. ૨૯

કલોલના બોરીસણા ખાતે સ્થિત સાંઈકૃપા બંગલોઝમાં રહેતા ૬૩ વર્ષિય વૃદ્ધે આજે પોતાના મકાનના બેડરૂમમાં જઈ પંખે લગાડવાના હુકે દુપટ્ટો બાંધી ગળાફાંસો ખાઈને આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. વૃદ્ધે તેની દીકરીના લગ્નજીવનમાં પડેલી તિરાડને પગલે હતાશ થઈને અંતિમ પગલુ ભર્યું હોવાનું પોલીસને પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. કલોલ તાલુકા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આપઘાતનું ચોક્કસ કારણ જાણવા તજવીજ શરૂ કરી છે.

બોરીસણામાં રાધેશ્યામ બસ સ્ટેન્ડ પાસે સાંઈકૃપા બંગલા નં. ૯માં રહેતા ૬૩ વર્ષિય દશરથભાઈ પ્રહલાદભાઈ પટેલના પત્નિ આજે સવારે બેડરૂમ તરફ ગયા તો રૂમનો દરવાજો બંધ હતો. દરવાજાને અંદરથી તારથી બાંધેલો હોવાથી અચંબામાં પડી ગયેલા તેમના પત્નિએ દરવાજાને જોરથી ધક્કો માર્યો અને અંદર જઈને જોયુ તો તેમના પગ નીચેથી જાણે જમીન સરકી ગઈ અને ધ્રાસકા સાથે ચીસ પાડી હતી. તેમના પતિ દશરથભાઈ રૂમના પંખો લગાડવાના હુકે દુપટ્ટો બાંધીને લટકી ગયા હતા. દુપટ્ટો બાંધીને આપઘાત કરી જીવનલીલા સંકેલી નાંકનાર દશરથભાઈની દીકરી પરિણીત છે. તેમીને હમણાંથી પતિ-પત્ની વચ્ચે ચાલતા વિખવાદથી ઘરસંસાર ભંગાણના આરે હોવાનું લાગતા દશરથભાઈએ અંતિમ પગલુ ભરી લીધુ હોવાનું પોલીસને પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. કલોલ તાલુકા પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલીને અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વૃદ્ધે કરેલા આપઘાતનું સાચુ કારણ બહાર લાવવા દોડધામ શરૂ કરી છે.



## મુખ્યમંત્રીશ્રીની સૌજન્ય મૂલાકાત લેતા અભિનેતા વિવેક ઓબેરોય

ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સૌજન્ય મૂલાકાત આજે હિન્દી ચલચિત્ર જગતના પ્રસિધ્ધ અભિનેતા શ્રી વિવેક ઓબેરોયે લીધી હતી.

ગુજરાત છેલ્લા દશ વર્ષથી વિકાસનું મોડેલ બની રહ્યું છે તેનું શ્રેય તેમણે શ્રી નરેન્દ્રભાઈ મોદીને આપ્યું હતું. ગુજરાતના વિકાસમાં ભાગીદાર બનવા માટે દેશ-વિદેશમાંથી જેઓ ગુજરાત આવે છે તેમના અને વિશેષ કરીને વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૧૩ની ભૂમિકામાં વિવેક ઓબેરોયે ઉંડો રસ દાખવ્યો હતો.

### કંપની સમાચાર

## ગુજરાત ફોટો વિડિયો ટ્રેડ ફેર- ૨૦૧૨

ગુજરાક ફોટોગ્રાફિક ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ એસોશિએશન નીચેની જાહેરાત કરતાં અત્યંત હર્ષ અનુભવે છે. ગુજરાત ફોટો વિડિયો ટ્રેડ ફેર-૨૦૧૨નું આયોજન તા. ૩૧મી ઓગસ્ટથી ૨જી સપ્ટેમ્બર સવારના ૧૦.૦૦ થી ૭.૦૦ વાગ્યા સુધી સ્થળ : ગુજરાત યુનિવર્સિટી એકઝીબિશન હોલ, હેલ્મેટ ચાર રસ્તા, અમદાવાદ ખાતે.

ટ્રેડ વિઝિટર્સ, ઉત્સાહી ફોટોગ્રાફર્સ, વિડિયો અને પ્રિન્ટ સર્વિસ પ્રોવાઈડર્સ, સ્ટુડિયો, સમગ્ર ગુજરાતભરના લોકો, આમંત્રિતો, ફોટોગ્રાફી ક્ષેત્રની જાણીતી હસ્તીઓ ભાગ લેશે. આ એસોશિએશન ભૂતકાળમાં પણ આવા ટ્રેડ ફેર (વેપાર મેળાઓ)નું આયોજન કરી ચૂક્યું છે. હાલમાં ૫૦૦ જેટલા સક્રિય સભ્યો ધરાવતું આ એસોશિએશન(સંગઠન) ગુજરાતમાં ફોટોગ્રાફર સમૂદાય માટે કંઈક વધારે કરી છૂટવાની ભાવના સાથે તનતોડ મહેનત કરતું રહ્યું છે.

હવે સંગઠને એક મોટું કામ માથે લીધું છે.

(૧) ભારતનું બીજા નંબરનું સૌથી મોટું ફોટો વિડિયો પ્રદર્શન (૨) ૨૦૦ ભાગીદારો અને ૪૫૦૦૦ કરતાં પણ વધારે મુલાકાતીઓ આવવાની સંભાવના (૩) ફોટોગ્રાફીનું જ્ઞાન, ટેકનીક અને તેના કૌશલ્યોની તાલીમ આપવા માટે આ સંગઠને ખુબ જ ટૂંકા ગાળામાં જામનગર, રાજકોટ, મહેસાણા, આણંદ, સુરત, વડોદરા, નડિયાદ જેવા શહેરોમાં ફોટોગ્રાફી વર્કશોપ અને તાલીમનું આયોજન કર્યું છે. (૪) આ સંગઠનમાં ભાગ લેવા માટે ગુજરાતના નાનામાં નાના ગામમાં ફોટોગ્રાફર્સ આવી શકે તે માટે સંગઠને પરિવહનની પણ વ્યવસ્થા કરી છે. (૫) ગુજરાતક્ષેત્રે ફોટોગ્રાફીનું ધોરણ સુધારવા માટેનો મુખ્ય હેતુ છે. (૬) આ પ્રદર્શનનો મુખ્ય હેતુ ફોટોગ્રાફીના નવા સાધનોનો ઉપયોગ, નવા વિચારોનું માર્કેટિંગ, વિવિધ પ્રોડકટની ઉપલબ્ધતા, સેવા તેમજ તાલીમ વચ્ચેનું અંતર ઘટાડવા માટેનો છે જેથી કરીને ફોટોગ્રાફી અને તેના ઉપયોગકારોને લાભ મળી શકે. (૭) આવા મેળાવડાનો એકમાત્ર હેતુ ભારતભરના બિઝનેશમેન અને ગુજરાત, મધ્યપ્રદેશ તેમજ રાજસ્થાનના વેપારીઓ માટે વેપારનું એક સમાન મંચ પૂરો પાડવાનો છે. આ સંગઠન નફો નહિં કરતું સંગઠન છે અને ફોટો વિડિયો ટ્રેડ ફેરમાંથી જે કંઈ પણ વધારોનો નફો થાય છે તેનો સભ્યો પ્રદર્શનકારો અને ટ્રેડના લાભાર્થે વાપરે છે.

## હરિત-ઊર્જિત શાળાઓ

● અનુસંધાન પહેલાનું ચાલુ

અભ્યાસ તેમજ હવામાના પ્રદૂષણ અને પરિવહનનો અભ્યાસ આ પ્રોજેક્ટ અંતર્ગત આવરી લેવામાં આવશે.

ઊર્જા વિકાસ એજન્સીના સૂત્રોએ જણાવ્યુ છે કે હરિત-ઊર્ત શાળા કાર્યક્રમ એ બાળકો અને શિક્ષકો, બન્ને માટે પ્રોજેક્ટ આધારિત સંકલિત શિક્ષણ કાર્યક્રમ છે, જે અંતર્ગત તેઓ ઊર્જાસંરક્ષણનાં વિવિધ પાસાં અને કોઈપણ બાંધકામની ઊર્જાકાર્યદક્ષતા તેમજ માનવપ્રવૃત્તિઓની પર્યાવરણ પર અસર અંગે પોતાની શાળાના કેસ સ્ટડી મારફત જાણકારી મેળવશે. દરેક શાળામાં કેટલીક લાક્ષણિકતાઓ સમાન હોય છે. શાળાનો સમય, વર્ગખંડમાંની સુવિધા અને અન્ય અવકાશ, કમ્પ્યુટર કક્ષ, પ્રયોગશાળા, ગ્રંથાલય વગેરે જેવી શૈક્ષણિક સુવિધાઓ, શૌચાલય, પાણીની ટાંકી અને શાળાના મકાનમાં વપરાતા તમામ વીજળીક ઉપકરણો.

પ્રત્યેક શાળામાં તેમની પોતાની સંચાલન અને નિભાવ પદ્ધતિ અને તે પ્રમાણે ખર્ચ હોય છે, આ ખર્ચ પરથી જે તે ઊર્જાનો વપરાશ કેટલો થાય છે તે પરોક્ષ રીતે જાણી શકાય છે. હરિત-ઊર્જિત શાળા કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ ટેકનોલોજીલક્ષી કાર્યક્રમો અને પ્રોજેક્ટોનો અમલ વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા માહિતીનો પ્રસાર, માહિતીનો સંચય તથા શૈક્ષણિક મોડ્યુલ દ્વારા તેની વહેંચણી અને શાળાના પર્યાવરણમાં શ્રેષ્ઠ ઊર્જાસંરક્ષણ પદ્ધતિઓનો અમલ કરવાનો છે. આ પ્રોજેક્ટથી ઊર્જાની બચત થશે અને શાળાનો ખર્ચ ઘટશે. કાર્યક્રમમાં સહભાગી થવા ઈચ્છતી શાળાએ કાર્યક્રમની પૂરતી સમજ કેળવી, વૈકલ્પિક ઊર્જાવિકલ્પો અપનાવવાના રહેશે. ઊર્જા કાર્યદક્ષ ટેકનોલોજી અને પદ્ધતિઓની પણ યોગ્ય જાણકારી તેણે મેળવવાની રહેશે તેમ આ સૂત્રોએ જણાવ્યું છે.